સુવિચાર

અભિમાન એ કેવી ખરાબ ભૂખ છે
સાહેબ કે જે તમારા સારા સંબંધોનો
પહેલો ભોગ લેશે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




જંગલેશ્વરના આરએમસી ક્વાર્ટર માંથી પોણા બે કિલો ગાંજા સાથે ઉપલેટાનો શખ્સ પકડાયો P-4

Year-16, Issue-290 ■ DATE : 24-03-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ધર્મ પરિવર્તન કર્યા બાદ અનુસૂચિત જાતિનો દરજ્જો મળી શકશે નહીં : સુપ્રીમ

**ધર્મ પરિવર્તનના મામલે સર્વોચ્ચ અદાલતે આપ્યો ઐતિહાસિક અને મહત્ત્વનો ચુકાદો : જે વ્યક્તિ હિન્દુ, શીખ અથવા બૌદ્ધ ધર્મ સિવાય અન્ય કોઈ પણ ધર્મ સ્વીકારે છે, તેને અનુસૂચિત જાતિના સભ્ય ગણી શકાય નહીં**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે ધર્મ પરિવર્તનના મામલે એક ઐતિહાસિક અને મહત્ત્વનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, ધર્મ પરિવર્તન કર્યા બાદ વ્યક્તિને અનુસૂચિત જાતિનો દરજ્જો મળી શકશે નહીં. કોર્ટે પોતાના નિર્ણયમાં જણાવ્યું છે કે, જે વ્યક્તિ હિન્દુ, શીખ અથવા બૌદ્ધ ધર્મ સિવાય અન્ય કોઈ પણ ધર્મ સ્વીકારે છે, તેને અનુસૂચિત જાતિના સભ્ય ગણી શકાય નહીં. અદાલતે ખાસ સ્પષ્ટતા કરી છે કે જો કોઈ વ્યક્તિ ખ્રિસ્તી ધર્મ અપનાવે છે, તો તેને SC/ST એક્ટ હેઠળ મળતા રક્ષણ કે લાભનો અધિકાર રહેશે નહીં.

સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્ત્વનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ વ્યક્તિ પોતાનો મૂળ ધર્મ છોડીને ખ્રિસ્તી ધર્મ અપનાવે છે, તો તે અનુસૂચિત જાતિના સભ્ય તરીકેનો પોતાનો દરજ્જો ગુમાવે છે. જસ્ટિસ પીકે મિશ્રા અને જસ્ટિસ એ વી અંજારિયાની બેન્ચે આંધ્રપ્રદેશ હાઈકોર્ટના નિર્ણયને યથાવત રાખતા જણાવ્યું હતું કે, જે વ્યક્તિ સક્રિયપણે ખ્રિસ્તી ધર્મનું પાલન કરે છે, તે SC/ST અત્યાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૯ હેઠળ રક્ષણ કે અન્ય કોઈ બંધારણીય લાભોનો દાવો કરી શકે નહીં.

અદાલતે ભારપૂર્વક નોંધ્યું હતું કે હિન્દુ, શીખ અથવા બૌદ્ધ ધર્મ સિવાયના અન્ય કોઈ પણ ધર્મમાં પરિવર્તન કરવાથી અનુસૂચિત જાતિનો દરજ્જો આપોઆપ સમાપ્ત થઈ જાય છે. આ નિર્ણય મુજબ, ધર્મ પરિવર્તન કરનાર વ્યક્તિ પોતાની જૂની જ્ઞાતિના આધારે અનામત કે કાયદાકીય સુરક્ષા મેળવવા માટે હકદાર રહેતી નથી. આ ચુકાદો ધર્મ પરિવર્તન અને જ્ઞાતિ આધારિત અધિકારો વચ્ચેની કાયદાકીય સ્થિતિને વધુ સ્પષ્ટ કરે છે.





સુપ્રીમ કોર્ટના આ ઐતિહાસિક ચુકાદાની વિગતો મુજબ, કેસનો મુખ્ય પક્ષકાર છેલ્લા ૧૦ વર્ષથી ખ્રિસ્તી ધર્મનું પાલન કરતો હતો અને પાદરી તરીકે રવિવારની પ્રાર્થનાઓ પણ કરાવતો હતો, જે બાબત કોર્ટના રેકોર્ડ પર સાબિત થઈ હતી. આ તથ્યોને આધારે સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ ઠેરવ્યું કે, જે વ્યક્તિ લાંબા સમયથી અન્ય ધર્મની પરંપરાઓનું પાલન કરતી હોય, તેને અનુસૂચિત જાતિના સભ્ય માની શકાય નહીં. આથી, આવી વ્યક્તિને SC/ST એક્ટ હેઠળ મળતું કાયદાકીય રક્ષણ આપવું ઉચિત નથી.

આ ચુકાદાથી હવે કાયદાકીય સ્થિતિ એકદમ સ્પષ્ટ થઈ ગઈ છે કે, જો કોઈ વ્યક્તિ હિન્દુ, શીખ કે બૌદ્ધ ધર્મ સિવાયનો અન્ય કોઈ ધર્મ અપનાવે છે, તો તે પોતાની મૂળ જ્ઞાતિના આધારે મળતા અનામત કે અન્ય બંધારણીય લાભો મેળવવા માટે હકદાર રહેશે નહીં. ધર્મ પરિવર્તન કરવાની સાથે જ અનુસૂચિત જાતિ તરીકેનો તેનો દરજ્જો અને તે સાથે જોડાયેલા તમામ સરકારી કે કાયદાકીય અધિકારો આપોઆપ સમાપ્ત થઈ જાય છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૮/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૭/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |






## ભાજપની ખરી તાકાત તેના બુથ સ્તર સુધીના કાર્યકર્તાની છે : જગદીશ વિશ્વકર્મા

ગુજરાતમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી આવી રહી છે તે પૂર્વે જ પ્રદેશ અધ્યક્ષ તરીકે જગદીશ વિશ્વકર્માએ ચાર્જ સંભાળ્યા બાદ પ્રથમ નવરચિત કારોબારીની બેઠકમાં પ્રદેશ પ્રમુખે પક્ષના સંગઠનની  ક્ષમતા અને ભવિષ્ય અંગે વિશ્વાસ વ્યકત કરતા જણાવ્યું કે ભાજપની ખરી તાકાત તેના બુથ સ્તર સુધીના કાર્યકર્તાની છે અને આપણે તે તાકાતને આધારે આજે દુનિયાના સૌથી મોટા રાજકીય પક્ષ અને કેન્દ્રથી લઇ દેશમાં  ૨૧ રાજયોમાં શાસન પર છીએ પરંતુ શાસન નહીં લોકસવા એ આપણો ધ્યેય છે.  કોબા સ્થિત ભાજપા પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈવિશ્વકર્માની અધ્યક્ષતામાં પ્રદેશ કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તથા પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી ઉપસ્થિત રહ્યા હતા.

## આજે પણ સોના-ચાંદીના ભાવમાં કડાકો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોના-ચાંદીના ભાવમાં ઘટાડો ચાલુ છે. ટ્રમ્પ દ્વારા ઈરાની ઊર્જા સ્થળો પર હુમલાની યોજનાને પાંચ દિવસ માટે મુલતવી રાખવાની જાહેરાત પછી કિંમતી ધાતુઓના ભાવમાં ભારે ઘટાડો થયો છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ એટલે કે એમસીએક્સ પર મંગળવારે ચાંદી પાછલા બંધ ભાવની સરખામણીમાં લગભગ ૪.૫ ટકા અથવા ૧૧,૦૦૦ રૂપિયાથી વધુ સસ્તી થઈ ગઈ અને આ તાજા ઘટાડા પછી હવે તેના ઉચ્ચતમ સ્તરથી ૧ કિલો ચાંદીનો ભાવ ૨.૦૬ લાખ રૂપિયાથી વધુ ઓછો છે. ચાંદીની જેમ સોનાની કિંમતમાં પણ ઘટાડો ચાલુ છે. સપ્તાહના બીજા કારોબારી દિવસે આ કિંમતી ધાતુ વધુ સસ્તી થઈ ગઈ છે. સોમવારે ખરાબ રીતે તૂટ્યા પછી, તે લગભગ ૨૫૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામથી વધુ સસ્તી થઈ ગઇ છે.

## ટ્રમ્પની સીઝ ફાયરની જાહેરાત છતાં ઈઝરાયલના હૂમલા ચાલુ

**મુખ્ય સમાચાર, તહેરાન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના ઉર્જા અને વીજળી માળખા પર હુમલા રોકવાની સમયમર્યાદા પાંચ દિવસ લંબાવવાની જાહેરાત કરી હતી, જેમાં પાવર પ્લાન્ટનો પણ સમાવેશ થાય છે. આમ છતાં, સોમવાર અને મંગળવારે રાત્રે ઈરાનના બે મુખ્ય ઔદ્યોગિક શહેરો ખોરમશહર અને ઇસ્ફહાનમાં ભારે હુમલા થયા. આ હુમલાઓએ ઈરાનના પાવર ગ્રીડ અને ગેસ સપ્લાય નેટવર્કને ભારે નુકસાન પહોંચાડ્યું. દરમિયાન, ઇઝરાયલી વડા પ્રધાન નેતન્યાહૂએ જણાવ્યું હતું કે ઈરાન પર હુમલા પહેલાની જેમ ચાલુ રહે છે.

ખરેખર, ટ્રમ્પે સોમવારે દાવો કર્યો હતો કે અમેરિકા એક આદરણીય ઈરાની નેતા સાથે વાતચીત કરી રહ્યું છે અને તેહરાન સોદા માટે ઉત્સુક છે. તેમણે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાની સમયમર્યાદા પાંચ દિવસ લંબાવી. ટ્રમ્પે જણાવ્યું હતું કે જો કોઈ સોદો થાય છે, તો અમેરિકા ઈરાનનું સમૃદ્ધ યુરેનિયમ લઈ લેશે.



ટ્રમ્પે મીડિયાને જણાવ્યું હતું કે ઈરાન સોદો ઇચ્છે છે અને દાવો કર્યો હતો કે અમેરિકાના રાજદૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરે રવિવારે ઈરાની નેતા સાથે વાત કરી હતી. તેમણે તે કોણ હતા તે જાહેર કર્યું ન હતું, પરંતુ કહ્યું હતું કે અમેરિકાએ સુપ્રીમ લીડર આયાતુલ્લાહ મોજતબા ખામેની સાથે વાત કરી નથી. ઈરાને ટ્રમ્પના દાવાને સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો. ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘર કાલિબાફે ટ્વિટર પર લખ્યું, અમેરિકા સાથે કોઈ વાતચીત થઈ નથી. આ ખોટા સમાચાર છે, જેનો હેતુ નાણાકીય અને તેલ બજારોને અસર કરવાનો છે.

ટ્રમ્પના અલ્ટીમેટમ છતાં, ઈરાનના પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલાઓ સતત ચાલુ છે. સોમવાર અને મંગળવારે રાત્રે ઈરાનના બે મહત્વપૂર્ણ ઔદ્યોગિક શહેરો, ખોરમશહર અને ઈસ્ફહાનમાં પ્રચંડ વિસ્ફોટ થયા. આ હુમલાઓને કારણે ઈરાનના પાવર ગ્રીડ અને ગેસ સપ્લાય નેટવર્કને નોંધપાત્ર નુકસાન થયું છે. પાઇપલાઇન ફાટવાથી ખોરમશહર પાવર સ્ટેશનની વીજ ઉત્પાદન ક્ષમતા ખોરવાઈ ગઈ છે.

સ્થાનિક અહેવાલો અનુસાર, વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે આસપાસના વિસ્તારમાં આગની જ્વાળાઓ જોવા મળી હતી.

## અમેરિકાની સૌથી મોટી રિફાઇનરી કેલેરા એનર્જીમાં આગ ભભૂકી



**મુખ્ય સમાચાર, ટેકસાસ**

એક બાજુ અમેરિકા ઇરાન સામે યુધ્ધ લડી રહ્યું છે અને ઇંધણની કટોકટી સર્જાઇ છે ત્યારે ટેકસાસની વેલેરો રિફાઇનરીમાં જોરદાર વિસ્ફોટ થયો છે અને આકાશમાં કાળા ધુમાડા છ્વાઇ ગયા છે. જો કે આ ઘટનામાં કોઇ ઘાયલ થયાના અહેવાલો નથી.

આ અંગેની વિગત મુજબ અમેરિકાની સૌથી મોટી રિફાઈનરીઓમાંની એક કેલૈરા એનર્જી ખાતે સોમવારે સાંજે જોરદાર વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટ એટલો જોરદાર હતો કે આસપાસના ઘરો હલી ગયા હતા અને આકાશમાં દૂર દૂર સુધી કાળા ધૂમાડા છ્વાઈ ગયા હતા.

ઘટના બાદ તરત સુરક્ષાને ધ્યાનમાં રાખી સ્થાનિક પ્રશાસને લોકોને ઘરમાં રહેવાના નિર્દેશ આપ્યા છે. ઘટના સ્થળે ફાયર બ્રિગેડ કર્મીઓએ પહોંચી પરિસ્થિતિને કાબુમાં લીધી હતી.

વિસ્ફોટ બાદ રિફાઇનરીમાં આગ લાગી હતી. પોર્ટ આર્થર અગ્નિસમન વિભાગના એન્ટોનિયો મિશેલે કહ્યું હતું કે હાલ અમારી કોઇપણ યુનિટ ઘટના સ્થળે નથી. આ વિસ્ફોટ કેવી રીતે થયો તેનો પતો નથી મળ્યો, હાલ તેની તપાસ થઇ રહી છે. અધિકારીઓના અનુસાર આસપાસના ક્ષેત્રોમાં ઝેરિલા પદાર્થોનો પતો લગાવવા માટે વાયુની ગુણવત્તાની ચકાસણી થઇ રહી છે.

## આવકના દાખલા સહિત ૨૦ નાગરિક સેવાઓ ઓનલાઇન : ડિજિટલ ગુજરાતની નવતર પહેલ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ,તા.૨૪ ગુજરાત વહીવટી સુધારા પંચના પાંચમા અહેવાલની ભલામણોને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા સૌથી વધુ અરજીઓ ધરાવતી વિવિધ વિભાગની ૨૦ જેટલી સેવાઓને ઓનલાઇન કરવામાં આવી છે. ડિજિટલ ગુજરાત પ્લેટફોર્મ હેઠળ ઉપલબ્ધ સેવાઓમાંની આશરે ૪ ટકા સેવાઓ માટે સંપૂર્ણ એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ડિલિવરી પહેલેથી જ સક્રિય કરવામાં આવી છે. હાલ મોટી સંખ્યામાં સેવાઓ જન સેવા કેન્દ્રો અને ઈ-ગ્રામ કેન્દ્રો મારફતે સફળતાપૂર્વક પ્રદાન કરવામાં આવી રહી છે.

આ રાજ્યની મજબૂત સેવા વ્યવસ્થા અને વ્યાપક ઉપલબ્ધતાને દર્શાવે છે તેમજ ડિજિટલ ઍક્સેસને વધુ વિસ્તૃત કરવાની વિશાળ તકો પણ પ્રદાન કરે છે.ડિજિટલ ગુજરાત પ્લેટફોર્મ હેઠળ દર વર્ષે અંદાજે ૧.૨૦ કરોડ અરજીઓ પ્રાપ્ત થાય છે, જેમાંથી આશરે ૮૭ લાખ અરજીઓ આ ૨૦ ઉચ્ચ-ટ્રાન્ઝેક્શન સેવાઓ હેઠળ પ્રાપ્ત થાય છે, જે આ સેવાઓના નાગરિક જીવનમાં રહેલા મહત્વને દર્શાવે છે.




આ જ દિશામાં આગળ વધતાં, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા સુગમ ડિજિટલ ગુજરાત પહેલ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ વહીવટને પ્રોત્સાહન આપી સરકારી સેવાઓને વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવવાનો છે, જેથી નાગરિકોને સેવાઓ સરળતાથી અને આંગળીનાં ટેરવે ઉપલબ્ધ બની શકે. રાજ્ય સરકારની સેવાઓમાં નાગરિક કેન્દ્રી વહીવટ કેન્દ્રમાં રહ્યો છે.

આ અભિયાનનાં પ્રથમ તબક્કે સૌથી વધુ અરજીઓ ધરાવતી ૨૦ સેવાઓને આવરી લેવામાં આવી છે. જે ૨૦ સેવાઓ ઓનલાઇન કરવામાં આવી છે તેમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,મહેસૂલ વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, કાયદા વિભાગ અને આદિજાતી વિકાસ વિભાગનો સમાવેશ થાય છે.

આ સેવાઓ નાગરિકો રાજ્ય સરકારનાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી મેળવી શકશે.

## ચૂંટણીના પડધમ : 'આપ'એ ૪૬૦થી વધુ ઉમેદવારોનું પ્રથમ લિસ્ટ જાહેર કર્યું



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં આમ આદમી માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે. આજે આમ આદમી પાર્ટીએ આમ જનતાને તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ઉમેદવારી માટે ટિકિટ આપી છે અને આજે એક નવી રાજનીતિની શરૂઆત કરી છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે મને ગર્વ થાય છે,

અમે સ્વપન જોયું હતું કે બહુ થયું બાપ-બેટાની રાજનીતિ, હવે સામાન્ય લોકોની રાજનીતિની શરૂઆત કરી છે અને એ અમારું સૌભાગ્ય છે. આજે આમ આદમી પાર્ટીએ તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકાના ઉમેદવારોનું પહેલું લિસ્ટ જાહેર કર્યું છે. પ્રથમ લિસ્ટમાં ૪૬૦થી વધુ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લિસ્ટ પ્રદેશ નેતૃત્વ, સ્ક્રીનિંગ કમિટી અને કેન્દ્રીય નેતૃત્વની સહમતિથી જાહેર કરવામાં આવ્યું છે, જેને લઈને મને ખૂબ આનંદ થાય છે.

AAP નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતુ કે, અત્યાર સુધી ભાજપના સાંસદ હોય તો તેમનો દીકરો ધારાસભ્ય બનવા માંગે, તેમનો દીકરો જિલ્લા પંચાયત અથવા નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ટિકિટ મેળવે, આમ સામાન્ય કાર્યકર્તાને ક્યારેય તક મળતી નહોતી. અથવા તો કરોડપતિઓ હોય કે નેતાઓના દીકરાઓને જ તક મળતી હતી. હવે ગુજરાતમાં ચૂંટણી લડવા માટે આમ આદમી પાર્ટી તકો આપી રહી છે.

આમ લોકો માટે, આમ જનતા માટે, આમ આદમી માટે ગુજરાતમાં એક નવો સૂર્યોદય થયો છે. ૪૬૦થી વધુ એવા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે, જે સામાજિક રીતે સક્રિય છે અને ખરેખર સામાન્ય લોકો છે. હું તમામ ૪૬૦થી વધુ ઉમેદવારોને હાર્દિક અભિનંદન પાઠવું છું. આ નવી રાજનીતિને ગુજરાતની જનતા જાતિ-ધર્મથી ઉપર ઉઠીને સ્વીકારશે એવી હું આશા અને પ્રાર્થના કરું છું.

## 33% મહિલા અનામત સાથે ૨૦૨૯માં લોકસભા બેઠકની સંખ્યા ૮૧૬ થશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં મહિલાઓ માટે ધારા-સભા અને સંસદમાં ૩૩ ટકા અનામતનો અમલ ૨૦૨૯થી શરૂ થવાનો છે અને તેની સાથે ૨૦૨૭ના પ્રારંભે નવી વસતિ ગણતરી પણ થશે અને તે બાદ લોકસભાની બેઠકોના સીમાંકન પણ બદલાશે અને સૌથી મહત્વનું દેશમાં લોકસભાની હાલ ૫૪૩ બેઠકો છે. તેના સ્થાને મહિલા અનામત સહિતની કુલ ૮૧૬ બેઠકો હશે તે નિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા મહિલાઓને આરક્ષણ આપવા માટે અને લોકસભામાં સંતુલન જળવાઇ રહે તે માટે એક ખાસ બંધારણ સુધારો ખરડો સંસદમાં રજુ કરાશે અને તેમાં લોકસભા અને ધારાસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામતની સાથે આવશ્યકતા મુજબ રાજયોની ધારાસભા અને લોકસભામાં બેઠકો વધારવાની પણ જોગવાઇ છે જેમાં ખાસ કરીને આગામી વર્ષે જે વસતિ ગણતરી શરૂ થનાર છે તેના આધારે લોકસભાની બેઠકોના સીમાંકન પણ બદલાશે અને તે સાથે દરેક સાંસદ મર્યાદિત વસતિ ધરાવતા લોકસભા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે તે પણ જોવા સરકાર આગળ વધી રહી છે. દેશની વધેલી વસતિ અને નવા સીમાંકનના કારણે તથા મહિલા અનામતની જોગવાઇ આ તમામ ફેકટરને એક સાથે જોડીને લોકસભાની ૫૮૩માંથી ૨૭૩ બેઠકો મહિલા અનામત સહિત કુલ ૮૧૬ બેઠકો હશે તે નિશ્ચિત કરવામાં આવી રહ્યું છે અને તેની સાથે ૨૦૨૯ અને ત્યારબાદની યોજાનારી લોકસભાની ચૂંટણીમાં કોઇ પણ રાજકીય પક્ષ કે ગઠબંધને બહુમતી માટે ઓછામાં ઓછી ૪૦૯ બેઠકો જીતવાનું ફરજીયાત બની જશે.



પાંચ દસકા બાદ પ્રથમ વખત લોકસભા બેઠકોની સંખ્યા વધારવાનું આયોજન છે. જોકે રાજયસભાની બેઠકો વધારવા કે રાજયોની વિધાન પરીષદોની બેઠકો વધારવામાં આવશે નહીં પરંતુ કેટલાક રાજયોની સ્થિતિના આધારે અનેક રાજયોમાં ધારાસભા બેઠકો વધી શકે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગરમાં પૂર્વ કોર્પોરેટરના ભત્રીજાની કાર પર ફાયરિંગ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક ખંભાળિયા રોડ પર પૂર્વ કોર્પોરેટર અસલમ કરીમ ખિલજીના ભત્રીજાની ગાડીમાં ફાયરિંગ કરવામાં આવ્યું હતું.જે બાદ ગાડીના કાચ તોડી પૂર્વ કોર્પોરેટરના ભત્રીજા સહિત ત્રણ યુવાનો પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ૯ શખસોએ કારનો પીછો કરીને ટક્કર મારી આ હુમલો કર્યો હતો. આ મામલે પૂર્વ વિપક્ષી નેતા સહિત કુલ ૯ આરોપીઓ સામે સિક્કા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ફરિયાદી અસલમ કરીમ ખિલજીએ જણાવ્યું હતું કે, અગાઉ થયેલી મારામારીનો ખાર રાખીને આરોપીઓએ પૂર્વ આયોજન સાથે આ હુમલો કર્યો હતો.આ બનાવ.જામનગર-ખંભાળિયા હાઈવે પર વસઈ ગામ નજીક સ્વાન સ્વીટ ફેક્ટરીના ગેટ પાસે રોડ ઉપર બન્યો હતો.ફરિયાદ મુજબ, શાહનવાઝ પોતાના મિત્રો સાથે મહિન્દ્રા થારમાં જઈ રહ્યા હતા. ત્યારે આરોપીઓએ પોતાની થાર તેમજ બલેનો જેવી કારોમાં તેમનો પીછો કર્યો હતો. આરોપીઓએ શાહનવાઝની કારને ટક્કર મારી રોડ પરથી નીચે ઉતારી દીધી હતી. ત્યારબાદ હાથમાં રિવોલ્વર, પિસ્તોલ, તલવાર અને લોખંડના પાઇપ જેવા મારક હથિયારો સાથે હુમલો કર્યો હતો. શાહનવાઝને કારમાંથી નીચે ઉતારી હાથ, પગ અને શરીરના ભાગોમાં માર મારતા ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. હુમલા દરમિયાન આરોપીઓમાંથી કેટલાકે ''અન્ના અને મુખ્તારના કહેવા પર આવ્યા છીએ અને આજે તેને જાનથી મારી નાખવાનો છે'' એવું પણ બોલ્યા હતા.શાહનવાઝ બચવા માટે ભાગતા આરોપીઓએ રિવોલ્વર અને પિસ્તોલમાંથી બે થી ત્રણ રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું. આ હુમલામાં શાહનવાઝ ઉપરાંત રઉફ અને અસલમને પણ ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

પૂર્વ વિપક્ષી નેતા સહિતનાઓ સામે ફરિયાદ.આ સમગ્ર મામલે જામનગર મહાનગર પાલિકાના પૂર્વ વિપક્ષી નેતા અલ્તાફ ગફ્ફાર ખફી સહિત અનવર ઉર્ફે અન્ના ગફ્ફાર ખફી, મુખ્તાર ઉર્ફે ટોપી અબ્બાસ કુરેશી, તબરેજ, મહેબુબ ખફી, મોસીન પચાસિયો, હનીફ મુસા ખફી, હુસેન બોદુ ખફી અને હમીદ જાનમામદ ઉર્ફે રાંઝો સહિત અન્ય અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાયો છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૮(૨), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૩), ૬૧(૨) તેમજ આર્મ્સ એક્ટ કલમ ૨૫(1-A), ૨૭(૧) અને જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) હેઠળ ગુનો નોંધ્યો છે. આ બનાવની વધુ તપાસ સિક્કા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ્પેક્ટર પી.ટી. જયસ્વાલ કરી રહ્યા છે.જામનગર ASP પ્રતિભાએ જણાવ્યું કે, જામનગર- દ્વારકા હાઈવે પર કાલે રાતે આરોપીઓએ ફરિયાદીની ગાડી પર ફાયરિંગ કર્યું હતું. જે બાદ ગાડીના કાચ તોડ્યા હતા. આ મામલે ઈજાગ્રસ્ત બે લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ફરિયાદમાં હાલ ૯ આરોપીઓના નામ નોંધવામાં આવ્યાં છે તેમજ વધુ તપાસ હાલ ચાલું છે.

# માળીયા(મી)માં પાવરગ્રીડ લાઈનમાં એલ્યુમિનિયમ વાયર ચોરીનો પર્દાફાશ, બે આરોપી ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસે પૂર્વ બાતમીને આધારે પાવરગ્રીડ લાઇનમાંથી એલ્યુમિનિયમ વાયર ચોરીના ગુનાનો ભેદ ઉકેલી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે ૪૫૦૦ મીટર વાયર તેમજ પીકઅપ વાહન સહિત આશરે રૂ.૧૭.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.



માળીયા(મી) પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ પાવરગ્રીડ લાઇનમાંથી એલ્યુમિનિયમ વાયર ચોરીના ગુનાનો ભેદ ઉકેલી પોલીસે બે આરોપીઓને ઝડપ્યા છે. સર્વેલન્સ સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે અંજિયાસર ગામ નજીક વાહન ચેકિંગ દરમિયાન ઈન્ટ્રા પીકઅપ રજી.નં. જીજે-૧૨-સીટી-૧૪૦૮ વાહનમાં વાયર ભરેલ શંકાસ્પદ હાલતમાં બે આરોપી અનીસભાઈ સલેમામદભાઈ મોખા રહે. ભુતેશ્વર ફળીયું તા.જી.ભુજ અને મુસ્તાકભાઈ હાજીભાઈ મેર રહે.લોરીયા ગામ તા.જી.ભુજ વાળાને ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસની પૂછપરછ દરમિયાન બંનેએ વાયર ચોરીનો ગુનો કબૂલ કર્યો હતો. આ સાથે પોલીસે તેમના પાસેથી આશરે ૪૫૦૦ મીટર વાયર તેમજ પીકઅપ વાહન મળી કુલ રૂ. ૧૭.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# વાંકાનેરમાં ઘરેથી નીકળી ગયેલા સગીર કિશોરનું 'શી ટીમ' દ્વારા પરિવાર સાથે પુનઃમિલન

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસની 'શી ટીમ' દ્વારા ઘરેથી નીકળી ગયેલા ૮ વર્ષીય બાળ કિશોરને શોધી, સલામત રીતે તેના પરિવાર સાથે પુનઃમિલન કરાવવામાં આવ્યું હતું.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ કાર્યરત વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનની 'શી ટીમે' સરાહનીય કામગીરી કરી છે. તા. ૨૧ માર્ચ ૨૦૨૬ના રોજ વાંકાનેર બાઉન્ડ્રી નજીક મળેલા એક સગીર કિશોરને ચોટીલા પોલીસની પીસીઆર વાન દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો. ત્યારે 'શી ટીમ' પોલીસ દ્વારા કિશોરનું કાઉન્સેલિંગ કરી પૂછપરછ કરતાં તે દેવેન્દ્ર ફતેહલાલ ગામેતી ઉવ.૦૮ રહે.ભાટ તા.ઘોઘુંદા જિ. ઉદયપુરવાળો હોવાનું સામે આવ્યું હતું, જે પોતાના માસી-



માસા સાથે રહેતો હતો અને કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયો હતો. 'શી ટીમે' તાત્કાલિક તેના પરિવારજનોનો સંપર્ક કરી તેમને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી કિશોરને સલામત રીતે સોંપ્યો હતો. આ સાથે પરિવારને બાળકની યોગ્ય દેખભાળ રાખવા અને ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે સૂચના આપવામાં આવી હતી.

# ધ્રોલના સોયલ ગામની યુવતીના પ્રેમ સંબંધ બાબતે પિતાને જાણ થઈ જતાં યુવતિનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલ તાલુકાના સોયલ ગામની એક યુવતીના પ્રેમ સંબંધ બાબતે પિતાને જાણ થઈ જતાં યુવતિનો ગળાફાંસા દ્વારા આપઘાત.પોતાના પ્રેમીને ઘરમાં બોલાવ્યો હતો, દરમિયાન અચાનક પિતા આવી જતાં ડઘાઈ ગયેલી પુત્રીએ ગળાફાંસા દ્વારા જીવ દીધો.જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના સોયલ ગામમાં એક વિચિત્ર બનાવ બન્યો હતો. ત્યાં રહેતી ભરવાડ પરિવારની એક યુવતીએ પોતાના પ્રેમ સંબંધની પિતાને જાણ થઈ જતાં તેણીએ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. પોતાના પ્રેમીને ઘરે બોલાવ્યો હતો. જે દરમિયાન અચાનક પિતા આવી જતાં પોતાનો પ્રેમી ભાગ્યો હતો, જેનો પિતાએ પીછો કર્યો હતો. દરમિયાન પાછળથી પુત્રીએ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. જે બનાવને લઈને ભારે ચર્ચા જાગી છે.જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના સોયલ ગામમાં એક વિચિત્ર બનાવ બન્યો હતો. જ્યાં રહેતા સિંધાભાઈ હરજીભાઈ ઝાપડા ઉ.વ. ૪૯ પોતાના ઘેર આવ્યા, ત્યારે તેમની પુત્રી હેતલબેન ઉંમર ૨૦ વર્ષ.ઘરમાં હાજર હતી. તે સમયે હેતલબેને પોતાના ઓળખીતાને પ્રેમી.ને ઘરે બોલાવ્યો હતો.દરમિયાન પિતા અચાનક ઘરે આવી જતાં તે યુવક ત્યાંથી ભાગી ગયો, અને પિતા તેની પાછળ ગયા હતા. જે દરમિયાન હેતલબેનને લાગ્યું કે તેમના પ્રેમ સંબંધ અંગે તેમના પિતાને જાણ થઈ ગઈ છે.

આ વાતને કારણે માનસિક તણાવમાં આવી હેતલબેને પોતાના રૂમમાં પંખા સાથે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે ધ્રોલ પોલીસ દ્વારા અકસ્માત મોત તરીકે નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અનેક ભાગોમાં ધાબડીયુ વાતાવરણ

રાજકોટ સહિત સૌરાષ્ટ્રનાં અનેક ભાગોમાં આજે ફરી સવારથી ભેજવાળા દરિયાઈ પવનો ફુંકાતા હવામાન પલ્ટો સર્જાયો હતો. અને ધુપ-છાંવ વચ્ચે ધાબડિયુ વાતાવરણ સર્જાયુ હતું.આજે મોડી સવાર સુધી સૂર્યદેવતા અને વાદળો વચ્ચે સંતાકુંકડી રમાતી રહી હતી. ઉપરાંત સવારમાં અનેક સ્થળોએ હવામા ભેજ પણ ૮૫ ટકાથી વધુ નોંધાયો હતો. જો કે ગઈકાલે ફરી રાજકોટ,કંડલા, અમરેલી, અમદાવાદ, વડોદરા, ડાંગ, ડિસા, અને વેરાવળમાં ૩૫ થી ૩૭ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાતા ગરમીનો અનુભવ થયો હતો.

# મોરબીમાં રબારી-ભરવાડ સમાજની મહત્વની બેઠકમાં એકતા તેમજ સર્વાંગી વિકાસ માટે અથાગ પ્રયાસો કરવાનો સંકલ્પ

### જમીન સાથે સંકળાયેલા માલધારી સમાજમાં હજુ પણ કેટલાક કુરીવાજોને ત્યાગી વધુને વધુ શિક્ષણ ઉપર ભાર મૂકી સમાજના વિકાસથી દેશનું ભવિષ્ય ઉજ્જવળ બને તથા રબારી ભરવાડ સમાજને મજબૂતીથી એકસુત્રે બાંધવા માટે સંગઠન બનાવવાના નિર્ણયો લેવાયા




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા અને ધરતી માતાના ખોળે જ જીવન જીવીને વર્ષોથી પરંપરાગત પશુપાલનથી રોજીરોટી મેળવી મચ્છુ માતાનું લોકમાતા તરીકે પૂજન કરતા માલધારી એટલે રબારી ભરવાડ સમાજ ભલે આર્થિક રીતે સધ્ધર ન હોય પણ સંસ્કાર, સમજણ અને ખાસ કરીને પહેરવેશ તેમજ હુડો, રાસ, ટીટોડો સહિતની સંસ્કૃતિ જ એમના જીવનની સાચી મૂડી હોય હવે આ સમાજ આજના હાઈટેક યુગમાં કદમ સાથે કદમ મિલાવી શિક્ષણ, ટેકનોલોજી સહિત અલગ અલગ ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવી હોય પણ હજુ સમાજ સામે એકતા તેમજ યુવાનોમાં શિક્ષણ સાથે સંસ્કૃતિ, સંસ્કારનું સિંચન કરવા કેટલાક પડકારો હોવાથી મોરબી શહેર ખાતે શ્રી મચ્છુ માતાજી મંદિરના પવિત્ર સાનિધ્યમાં રબારી અને ભરવાડ સમાજની મહત્વની એકતા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં હજુ પણ સમાજમાં રહેલા કેટલાક રૂઢિવાદી કુંવરીવાજોને નાબૂદ કરી, દીકરી અને દીકરાને એક જ સમાન ગણી બન્ને સારું શિક્ષણ આપી ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની સાથે સમગ્ર સમાજના સર્વાંગી વિકાસ માટે અથાક પ્રયાસો કરવાનો સમાજના તમામ મોભાદાર વડીલો અને સર્વે આગેવાનોએ દ્રઢ નિશ્ચિય વ્યક્ત કર્યો હતો.

રબારી ભરવાડ સમાજની એકતા બેઠકમાં મોભાદાર વડીલો, આગેવાનો તથા યુવાનોની નોંધપાત્ર હાજરી જોવા મળી હતી, જેથી સમાજમાં એકતા અને સંગઠનશક્તિના દર્શન જીવંત થયા હતા. જેના પરિણામે સમગ્ર એકતા બેઠકનું આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સમાજબંધી ભાઈઓએ એક મંચ પર ભેગા થઈને પરસ્પર સ્નેહ, વિશ્વાસ અને જોડાણની ભાવનાને વધુ મજબૂત બનાવી હતી. આ તકે કેટલાક રૂઢી કુંવરીવાજોને ત્યાગી વધુને વધુ શિક્ષણ ઉપર ભાર મૂકી સમાજના વિકાસથી દેશનું ભવિષ્ય ઉજ્જવળ બને તેવા તથા રબારી ભરવાડ સમાજને મજબૂતીથી એકસુત્રે બાંધવા માટે સંગઠન બનાવવાના નિર્ણયો લેવાયા હતા. આ મહત્વની બેઠક દરમિયાન સમાજના સર્વાંગી વિકાસ માટે સંગઠિત પ્રયાસોની દિશામાં મહત્વપૂર્ણ શરૂઆત કરવામાં આવી હતી. ખાસ કરીને શિક્ષણ, સામાજિક જાગૃતિ અને રાજકીય સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં મજબૂત સંગઠન ઉભું કરીને સક્રિય કાર્ય શરૂ કરવાની દિશામાં સર્વસંમતિથી સંકલ્પ લેવાયો હતો.

આ પ્રસંગે માલધારી સમાજના આગેવાન ડૉ. દેવેન રબારીએ જણાવ્યું હતું કે આજે મોરબીની ધરતી પર જે એકતા અને જોડાણ જોવા મળ્યું છે તે સમાજ માટે ગૌરવની વાત છે. સમાજની સાચી શક્તિ તેની સંખ્યામાં નહીં પરંતુ તેની એકતા અને સંગઠનશક્તિમાં હોય છે અને આજનો આ પ્રયાસ માત્ર એક બેઠક પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ આવનારા સમયમાં શિક્ષણ, સામાજિક અને રાજકીય ક્ષેત્રે સમાજને સશક્ત બનાવવા માટે સતત કાર્યરૂપ બનશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્યારે સમાજ એક બને છે ત્યારે વિકાસના નવા દ્વાર ખુલે છે અને સમાજ પોતાનું સ્થાન મજબૂતીથી સ્થાપિત કરી શકે છે, તેમજ આજની આ શરૂઆત સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે એક મજબૂત આધાર બની રહેશે. કાર્યક્રમના અંતે તમામ માટે તવા પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં સમાજબંધી ભાઈઓએ સહભાગી બનીને એકતાની ભાવનાને વધુ ગાઢ બનાવી હતી. આ સમગ્ર કાર્યક્રમ સમાજની એકતા, સજાગતા અને સંગઠનશક્તિનું ઉત્તમ પ્રતિબિંબ બની રહ્યો હતો.આ કાર્યક્રમ ને સફળ કરવા મહંત કિશન ભગત, જયેશભાઈ ગોલતર, સંજયભાઈ રાતડિયા, મોતીભાઈ મૂંધવા,

દાનાભાઈ બાંભવા,રૈયાભાઈ મૂંધવા, નવઘણભાઈ રાતડિયા, ઘોઘાભાઈ ટોય તેમજ દિનેશભાઈ રબારી, અશોકભાઈ ખાંભલા, હસમુખભાઈ ભુંભરીયા, રમેશભાઈ કરોતરા, મોતીભાઈ કરોતરા, મહેશભાઈ ભુંભરીયા સહિતનાઓ જહેમત ઉઠાવી હતી.

### સૌરાષ્ટ્રના ક્ષય રોગના દર્દીઓ માટે આશાનું કિરણ

# જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજનું રેસ્પિરેટરી મેડિસિન વિભાગ અને DR-TB સેન્ટર

### વર્ષ ૨૦૨૫ દરમિયાન ૧૧૦૦થી વધુ સામાન્ય અને જટિલ ટીબીના દર્દીઓને સેન્ટર ખાતે મળી શ્રેષ્ઠ સારવાર




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ તથા ગુરુ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલના રેસ્પિરેટરી મેડિસિન વિભાગ અને નોડલ ડ્રગ રેઝિસ્ટન્ટ ટ્યુબરક્યુલોસિસ DR-TB સેન્ટર દ્વારા ક્ષય રોગ નિયંત્રણ અને સારવાર ક્ષેત્રે ઉલ્લેખનીય કામગીરી કરવામાં આવી રહી છે. આ કેન્દ્ર જામનગર જિલ્લા ઉપરાંત રાજકોટ, મોરબી, જૂનાગઢ, પોરબંદર, દીવ, ગીરસોમનાથ અને દેવભૂમિ દ્વારકા જેવા જિલ્લાઓ માટે એક વિશિષ્ટ રેફરલ કેન્દ્ર તરીકે કાર્યરત છે, જ્યાં સામાન્ય ક્ષય રોગ ઉપરાંત મલ્ટી ડ્રગ રેઝિસ્ટન્ટ ટીબી તથા એક્સટેન્સિવલી ડ્રગ રેઝિસ્ટન્ટ ટીબી જેવા જટિલ કેસોની રાષ્ટ્રીય માર્ગદર્શિકા મુજબ વૈજ્ઞાનિક સારવાર કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૫ દરમિયાન આશરે ૧૦૧૫ જેટલા સામાન્ય ટીબીના દર્દીઓ અને ૧૫૯ જેટલા ગંભીર ટીબીના દર્દીઓને સારવાર હેઠળ મૂકવામાં આવ્યા છે. વિભાગના વડા પ્રોફેસર ડૉ. ઈવા ચેટરજીના માર્ગદર્શન હેઠળ કાર્યરત આ વિભાગમાં દર્દીઓને માત્ર દવા જ નહીં, પરંતુ માનવતાપૂર્ણ અભિગમ સાથે કાઉન્સેલિંગ અને માનસિક ટેકો પણ પૂરો પાડવામાં આવે છે, જેથી તેઓ લાંબી અને જટિલ સારવાર સફળતાપૂર્વક પૂર્ણ કરી શકે.

ક્ષયરોગના ઉપચારમાં પોષણનું મહત્વ અત્યંત હોવાથી 'નિક્ષય પોષણ યોજના' અંતર્ગત દર્દીઓને મળતી સરકારી સહાય સમયસર મળે તે માટે સંકલિત પ્રયત્નો કરવામાં આવે છે.

આ ઉપરાંત 'નિક્ષય મિત્ર' પહેલ હેઠળ સ્થાનિક સંસ્થાઓ, દાતાઓ અને વિભાગના અધિકારીઓ દ્વારા દર્દીઓને પોષણ અને રાશન કિટ્સનું વિતરણ કરવામાં આવે છે. સામાજિક સ્તરે ક્ષયરોગ સાથે સંકળાયેલા ભેદભાવને દૂર કરવા માટે ''ટીબીનો રોગ ચેપી છે, દર્દી નહીં'' ના સંદેશ સાથે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો અને શિબિરોનું પણ આયોજન કરવામાં આવે છે. શૈક્ષણિક ક્ષેત્રે પણ આ વિભાગ પોસ્ટ ગ્રેજ્યુએટ અને અન્ડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ક્લિનિકલ તાલીમ આપીને સારવારની ગુણવત્તા સુધારવા સતત પ્રયત્નશીલ છે. ૨૪ માર્ચ 'વિશ્વ ટીબી દિવસ' નિમિત્તે વિભાગ દ્વારા ટીબી હારશે, દેશ જીતશે ના લક્ષ્ય સાથે દરેક શ્વાસને કિંમતી ગણી દર્દીઓની સેવા કરવામાં આવી રહી છે, જે સૌરાષ્ટ્ર વિસ્તારમાં ક્ષય રોગ નિવારણ માટે અગ્રગણ્ય ઉદાહરણ પૂરું પાડે છે.

# ભારતીય વાયુસેના દ્વારા જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરને પ્રતિષ્ઠિત 'Commendation' મેડલ એનાયત






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરની વહીવટી કુશળતા અને શ્રેષ્ઠ વહીવટી કામગીરીની નોંધ લઈને તેમને વાયુસેનાના પ્રતિષ્ઠિત 'Commendation' મેડલથી સન્માનિત કરવામાં આવ્યા છે. જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે આયોજિત કાર્યક્રમમાં વાયુસેનાના ઉચ્ચ અધિકારીઓના હસ્તે તેમને આ મેડલ તથા પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

જામનગર એરફોર્સ બેઝ એ દેશનો વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વનો બેઝ છે અને કલેક્ટર તરીકે કેતન ઠક્કરે સિવિલ એડમિનિસ્ટ્રેશન અને વાયુસેના વચ્ચે મજબૂત કડી તરીકે કાર્ય કરી વહીવટી પ્રક્રિયાઓને વેગ આપ્યો છે.ખાસ કરીને આપત્તિ વ્યવસ્થાપન, વાવાઝોડા કે પૂર જેવી કુદરતી આફતો દરમિયાન વાયુસેનાના બચાવ કાર્યોમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂરી પાડવામાં આવેલી સમયસરની મદદ, સંરક્ષણ ક્ષેત્રના પ્રોજેક્ટ્સમાં આવતા વહીવટી અવરોધોનું નિવારણ અને સુરક્ષા સંબંધી બાબતોમાં તેમના સચોટ આયોજન બદલ આ સન્માન આપવામાં આવ્યું છે.આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કલેક્ટરને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# મોરબીના વોર્ડ નં. ૬માં પીવાનું પાણી દૂષિત અને દુર્ગંધયુક્ત : રહેવાસીઓનો તંત્ર સામે રોષ





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વોર્ડ નં. ૬ વિસ્તારમાં પીવાના પાણીમાં ગટર જેવી દુર્ગંધ તેમજ અતિશય દૂષિત આવતાં રહીશોમાં ભય અને રોષ ફેલાયો છે. સ્થાનિક આગેવાનો દ્વારા તંત્રને રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. મોરબી શહેરના વોર્ડ નં. ૬માં છેલ્લા ઘણા સમયથી પીવાનું પાણી પીળા કલરનું તેમજ પાણીમાં ગટર જેવી દુર્ગંધ આવતી હોવાનો ગંભીર મુદ્દો સામે આવ્યો છે. વિવિધ વિસ્તારોમાં આવતું દુષિત પાણી પીવાને અયોગ્ય બનતાં રહીશોમાં ભયનો માહોલ સર્જાયો છે. ખાસ કરીને નાના બાળકો અને વડીલોના આરોગ્ય પર ખતરો ઊભો થયો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. આ સમસ્યાને લઈ સ્થાનિક રહીશો તેમજ સામાજિક આગેવાનો રાજુભાઈ દવે, જગદીશભાઈ બાંભણીયા, ગીરશભાઈ કોટેચા અને દેવેશભાઈ રાણેવાડીયા દ્વારા જીલ્લા કલેક્ટર અને મહાનગરપાલિકા કમિશ્નરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે અગાઉ અનેક વખત મૌખિક અને લેખિત રજૂઆતો છતાં પણ તંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી, જે તંત્રની બેદરકારી દર્શાવે છે. રહીશોએ ચેતવણી આપી છે કે જો દુષિત પાણીના કારણે કોઈને આરોગ્ય હાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે. સાથે જ તાત્કાલિક પાણી અને ગટર લાઈનોની તપાસ કરી જરૂરી રિપેરિંગ કરીને શુદ્ધ પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માંગ કરવામાં આવી છે. જો સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ સ્થાનિકોએ ઉચ્ચારી છે.

# જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ દ્વારા ઓરલ હેલ્થ અંગે જનજાગૃતિ અભિયાન હાથ ધરાયુ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા વિશ્વ મુખ સ્વાસ્થ્ય દિવસ' નિમિત્તે વિવિધ જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં સિંધી સમાજ, ઈન્ડિયન ડેન્ટલ એસોસિએશન અને રોટરી ક્લબનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે મૌખિક આરોગ્ય ચકાસણી શિબિર યોજવામાં આવી હતી, જેમાં નિષ્ણાત તબીબો દ્વારા તપાસ કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જનજાગૃતિના ભાગરૂપે પ્રભાવશાળી નુક્કડ નાટક દ્વારા દાંતની સુરક્ષા અને મૌખિક સ્વચ્છતાના મહત્વને સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત, મૌખિક સ્વચ્છતા સંબંધિત વિવિધ રમતો અને આરોગ્યપ્રદ પ્રવચનો દ્વારા ઉપસ્થિત સૌને દાંતની યોગ્ય સંભાળ લેવાની પદ્ધતિઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

મંદિર પ્રમુખ કેશુભાઈ આહુજા અને વિક્કીભાઈ આહુજાના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં ચેટીચાંદના પવિત્ર અવસરે સિંધી સમાજ સાથે મળીને ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત સૌને મૌખિક સ્વાસ્થ્ય અંગે માહિતગાર કરાયાં હતા.આ પ્રસંગે સામાજિક જવાબદારીના ભાગરૂપે જરૂરિયાત મંદ લોકો માટે મફત ઓરલ હેલ્થ કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ડૉ. પરમાનંદ ખટ્ટર, ડેન્ટલ કોલેજના ડીન ડૉ. નયના પટેલ અને પ્રોફેસર ડૉ. રોહિત અગ્રવાલે મંદિર સમિતિનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આવા સંયુક્ત પ્રયાસોથી જ સમાજમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવી શકાય છે. આ સમગ્ર આયોજન દ્વારા વિદ્યાર્થીઓ અને નગરજનોમાં મુખ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધારવાનો એક પ્રશંસનીય પ્રયાસ કરાયો હતો.

## મોરબી વકીલ મંડળ પ્રમુખના મોટાભાઈ ચુનીલાલ અગેચાણીયાનું અવસાન, ગુરુવારે બેસણું



મોરબીના રહેવાસી ચુનીલાલ રામસંગભાઈ અગેચાણીયા ઉવ.૬૩ કે જેઓ મોરબી જીલ્લા વકીલ મંડળના પ્રમુખ દિલીપભાઈ અગેચાણીયાના મોટાભાઈ તેમજ એડવોકેટ જીતેનભાઈ અગેચાણીયા તેમજ એડવોકેટ કરણભાઈ અગેચાણીયાના ભાઈજીનું તા.૨૩/૦૩/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તારીખ ૨૬/૦૩/૨૦૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ પંચમુખી હનુમાન હોલ વેજીટેબલ રોડ ઉમા સ્કૂલની સામે, મોરબી-૨ ખાતે રાખેલ છે.

# ગુજરાત સરકાર દ્વારા સત્તાવાર સ્પષ્ટતાઃ રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ, અફવાઓથી દૂર રહેવા નાગરિકોને અપીલ

### પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવવાની જરૂર નથી, રાજ્ય પાસે પૂરતો બફર સ્ટોક ઉપલબ્ધઃ અધિક મુખ્ય સચિવ મોના ખંધાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના અમુક શહેરોમાં પેટ્રોલ અને ડીઝલની અછત હોવાની ફેલાયેલી અફવાઓ વચ્ચે આજે રાજ્ય સરકાર, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન અને પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશન દ્વારા સંયુક્ત નિવેદન આપીને રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની જાહેર જનતાને મહત્વની ખાતરી આપવામાં આવી છે.

આ સંદર્ભે અન્ન, નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખાંધારે જણાવ્યું હતું કે, રાજ્યના તમામ પેટ્રોલ પંપો પર જરૂરિયાત મુજબનો પેટ્રોલ અને ડીઝલનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, જેથી નાગરિકોએ પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવવાની અને પેનિક થવાની જરૂર નથી. આ ઉપરાંત રાજ્યમાં પૂરતો ઈંધણનો 'બફર સ્ટોક' પણ ઉપલબ્ધ છે, જેથી કોઈએ ગભરાવાની કે ખોટી ઉતાવળ કરવાની કોઈ જરૂર નથી.

અધિક મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યું હતું કે, અમુક જગ્યાએ પેટ્રોલ અને ડીઝલની અછત હોવાના સમાચાર માત્ર અફવા છે. આ ઉપરાંત જો કોઈ ડીલર પાસે જથ્થો હોવા છતાં જાણીજોઈને પંપ બંધ રાખશે અથવા જનતાને હેરાન કરશે, તો તેની સામે સખત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન-ના સ્ટેટ નોડલ ઓફિસર અને એક્ઝીક્યુટિવ ડાયરેક્ટર શ્રી સંજીવ બહેરાએ જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ પેટ્રોલ-ડીઝલના ડેપો અને ટર્મિનલ્સમાં પેટ્રોલ અને ડીઝલની પૂરતી ઈન્વેન્ટરી ઉપલબ્ધ છે. જેથી નાગરિકોએ પેટ્રોલ પંપ પર લાઈનો લગાવવાની જરૂર નથી અને ગમે ત્યારે જોઈએ તેટલું ઈંધણ મળી રહેશે.

ભારતના પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશનના પ્રેસિડેન્ટે કહ્યું હતું કે, ઓઈલ કંપનીઓએ સપ્લાયના કલાકો વધાર્યા છે અને જથ્થામાં પણ વધારો કર્યો છે. વધુમાં, સોશિયલ મીડિયામાં આવતા ખોટા મેસેજ કે અફવાઓથી દોરાઈને પંપ પર ભીડ ન કરવી જોઈએ. ગુજરાતમાં ઈંધણની કોઈ જ તકલીફ નથી અને ભવિષ્યમાં પણ રહેશે નહીં.

# રાજકોટ જિલ્લામાં પેટ્રોલ-ડીઝલનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ

### ૩૬૧ પેટ્રોલ પંપો પર ઈંધણનો પુરવઠો યથાવત : ગેરમાર્ગે ન દોરાવા જિલ્લાવાસીઓને કલેક્ટર ડો. ઓમ પ્રકાશનો અનુરોધ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લામાં છેલ્લા થોડા સમયથી પેટ્રોલ અને ડીઝલની અછત અંગે વહેતા થયેલા અહેવાલો બાબતે કલેક્ટર ડો. ઓમ પ્રકાશે નાગરિકોને ખાતરી આપતા જણાવ્યું કે જિલ્લાના તમામ પેટ્રોલ પંપો પર ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

જિલ્લા કલેક્ટર શ્રી ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, ''રાજકોટ જિલ્લામાં ૨૬૪ અને શહેર વિસ્તારમાં ૯૭ મળીને કુલ ૩૬૧ પેટ્રોલ પંપ કાર્યરત છે. જેમાં પૂરતા પ્રમાણમાં પેટ્રોલ- ડીઝલનો જથ્થો ઉપલબ્ધ છે. તેલ કંપનીઓ દ્વારા પણ પુરવઠો નિયમિત રીતે પૂરો પાડવામાં આવી રહ્યો છે.નાગરિકોએ ગભરાટમાં આવીને પેટ્રોલ પંપો પર ભીડ કરવાની જરૂર નથી.''

આ સાથે સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો દ્વારા ફેલાતી ખોટી માહિતી કે અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવા કલેક્ટરશ્રીએ નમ્ર અપીલ કરી છે.

# વાંકાનેરમાં બહેનના ઘરે જવા મુદ્દે પરિણીતાને પતિ, સાસુ-સસરાએ માર માર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના નવાપરા વિસ્તારમાં બહેનના ઘરે મળવા ગયેલ પરિણીતાને પતિ, સાસુ અને સસરાએ બોલાચાલી બાદ બેફામ માર માર્યો હતો. ઘટનામાં પરિણીતાને માથા સહિત શરીરના ભાગે ઈજાઓ પહોંચી હતી અને તેને સારવાર માટે મોરબીથી રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ સાથે પીડિતાએ પતિ અને સાસરીયાઓ વિરુદ્ધ શારીરિક તેમજ માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવતા વાંકાનેર સીટી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, વાંકાનેરના નવાપરા શેરી નં.૨માં રહેતા નિશાબેન બેચરભાઈ હરેશભાઈ દેત્રોજા ઉવ.૨૧એ વાંકાનેર સીટી પોલીસમાં આરોપી તરીકે પોતાના પતિ બેચરભાઈ હરેશભાઈ દેત્રોજા, સાસુ પ્રભાબેન હરેશભાઈ દેત્રોજા અને સસરા હરેશભાઈ માનસિંહભાઈ દેત્રોજા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, તા.૨૨/૦૩ના રોજ સાંજે તે પોતાની બહેન ભાવનાબેનના ઘરે જઈ પરત ફરી ત્યારે તેના પતિએ બહેનના ઘરે જવા મામલે ઉશ્કેરાઈ બોલાચાલી કરી હતી. બાદમાં પતિએ માથા અને શરીરના ભાગે ઢીકા-પાટુનો માર માર્યો હતો અને ગળામાં નખથી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ સાસુ અને સસરાએ પણ નિશાબેનને હોઠ, માથા અને શરીરના ભાગે માર મારી ઈજાઓ પહોંચાડી હતી.

તે દરમિયાન ડેજારો થતા પડોશીએ વચ્ચે પડી નિશાબેનને વધુ મારથી બચાવ્યા હતા. જે બાદ નિશાબેનને તેમના ભાઈ પ્રથમ મોરબી સરકારી હોસ્પિટલમાં અને બાદમાં વધુ સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં લાવ્યા હતા. ત્યારે આ બનાવ અંગે પીડિતાની ફરિયાદના આધારે વાંકાનેર પોલીસે આરોપી પતિ સહિત ત્રણેય વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે પડધરી ખાતે ટી.બી.ના ૧૫ દર્દીઓને પોષણ કીટનું વિતરણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા 'ટી.બી.મુક્ત ભારત' અભિયાનને સાકાર કરવાના ઉમદા હેતુસર દાતાઓના સહયોગથી નિયમિતપણે ક્ષયના જરૂરિયાતમંદ દર્દીઓને ન્યુટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવે છે. ત્યારે '૨૪ માર્ચ - વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણીના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં વિવિધ સ્થળોએ ટી.બી.ના દર્દીઓને પોષણયુક્ત આહારની કીટ આપવામાં આવી રહી છે. જે અન્વયે પડધરી ખાતે આજ રોજ ટી.બી.ના દર્દીઓને મદદરૂપ થવા માટે પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

રાજકોટ જિલ્લા ક્ષય અધિકારી ઘનશ્યામ મહેતાના માર્ગદર્શન હેઠળ સત્યમ્ સેવા ફાઉન્ડેશનના ચંદ્રકાન્તભાઈ મણીયારના આર્થિક સહયોગથી પડધરી સરકારી હોસ્પિટલ ખાતે ૧૫ જેટલા ટી.બી.ના જરૂરિયાતમંદ દર્દીઓને પોષણ આહાર કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો હેતુ દર્દીઓની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરી તેમને ઝડપથી સ્વસ્થ બનાવવાનો છે. આ કાર્યક્રમમાં સેવાભાવી લોકોને 'ક્ષયમુક્ત ભારત' અભિયાનમાં જોડાઈ 'નિક્ષય મિત્ર' બનવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ તકે આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# સરગમ ક્લબ અને મા કૃપા ફાઉન્ડેશન ના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

### કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૧ એપ્રિલે સીધા સ્થળ પર પહોચવું : દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને મા કૃપા ફાઉન્ડેશન(લંડન) અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૪/૨૬ બુધવાર થી ૩/૪/૨૬ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધારકાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા.૧/૪/૨૬ થી ૩/૪/૨૬ સુધી એપ્રિલ માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. લોકોને તા ૧/૪/૨૬ બુધવાર ના રોજ સવારે ૮ કલાકે ખાસ સરગમભવન,જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૪/૨૬ના રોજ સવારે ૮ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, રશ્મીભાઈ શાહ, બ્રિજેશભાઈ મોદી નો સહયોગ મળેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

# રાજકોટમાં અફવાને પગલે સતત બીજા દિવસે પેટ્રોલ પંપ પર મોટી લાઈનો લાગી







તસ્વીર : ગૌરવ લશ્કરી

### રાજકોટના ૩૬૧ પેટ્રોલ પંપ પર વાહનોની કતાર : સીએનજી ગેસ પુરાવવા માટે કાર અને રીક્ષાઓની લાઈનો લાગી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પેટ્રોલ અને ડીઝલની અછતની અફવાને પગલે રાજકોટમાં અંધાધૂંધીનો માહોલ જોવા મળ્યો હતો. ખાનગી નાયરાના કેટલાક પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલનો જથ્થો ખૂટી ગયો હતો જ્યારે સરકારી ઈન્ડિયન ઓઈલ અને ભારત પેટ્રોલિયમ તેમજ ખાનગી જીઓ અને શેલ સહિતના ૩૬૧ પેટ્રોલ પંપ પર વાહનોની લાંબી કતાર જોવા મળી હતી.

ત્યારે આજે સતત બીજા દિવસે રાજકોટમાં પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાશે તેવી વાતો વહેતી થતા જ શહેરના તમામ મુખ્ય પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. સ્થિતિ એવી છે કે માત્ર પેટ્રોલ-ડીઝલ જ નહીં, પરંતુ સીએનજી પંપો પર પણ રિક્ષાઓ અને કારની લાઈનો કિલોમીટરો સુધી લંબાઈ છે.

લોકોમાં ફેલાયેલા આ ડરને શાંત પાડવા માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અને પુરવઠા વિભાગ તાત્કાલિક હરકતમાં આવ્યું છે. તંત્ર દ્વારા સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું છે કે, શહેરમાં પેટ્રોલ, ડીઝલ કે સીએનજીના જથ્થામાં કોઈ જ ઘટાડો નથી. તમામ પંપો પર પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે.'' લોકોએ ખોટી અફવાઓથી દોરવાઈને પંપ પર ભીડ ન કરવા અને માત્ર જરૂરિયાત મુજબ જ ઈંધણ પુરાવવા અપીલ કરવામાં આવી છે.

સતત બીજા દિવસે પણ રાજકોટના કાલાવડ રોડ, યાજ્ઞિક રોડ, ગોંડલ રોડ અને માધાપર ચોકડી જેવા વિસ્તારોમાં આવેલા પેટ્રોલ પંપો પર ભારે ઘસારો જોવા મળ્યો હતો. સીએનજી કીટ ધરાવતા વાહનચાલકો પણ કલાકો સુધી લાઈનમાં ઉભા રહેલા જોવા મળ્યા હતા. અફવાને કારણે લોકો પોતાની ગાડીઓની ટાંકીઓ ફૂલ કરાવી રહ્યા છે, જેના લીધે પંપ સંચાલકોને પણ વ્યવસ્થા જાળવવામાં મુશ્કેલી પડી રહી છે.

સોશિયલ મીડિયાના મેસેજને કારણે લોકોમાં પેનિક બાયિંગ'શરૂ થયું. પેટ્રોલ પંપની લાઈનો રસ્તા પર આવતા મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઇ હતી. ડેપો પરથી ઇંધણનો સપ્લાય સતત ચાલુ છે, કોઈ અછત નથી. તેવું તંત્ર દ્વારા કહેવામાં આવ્યું છે.

# રાજકોટના વેપારીની સોનાની બંગડી લઈ છેતરપિંડી કરનાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

રાજકોટના સોની વેપારી હાર્દિકભાઈ અનિલભાઈ ચાવડા દ્વારા જામનગરના પોલીસ મથકમાં એક સપ્તાહ પહેલા પોલીસ ફરિયાદ કરી જણાવ્યું હતું કે પોતાની રૂપિયા ૨,૫૫,૦૦૦ની કિંમતની સોનાની બંગડી કે જે પોતાના જામનગરના એક ગ્રાહક જયપાલસિંહ રાણા ને પહોંચાડવા માટે જામનગરમાં રહેતા પોતાના મિત્ર કેયુરભાઈ ઉર્ફે વાણીયા નીતિનભાઈ સંઘવીને આપી હતી.

પરંતુ તે બંગડી તેણે પહોંચાડી ન હતી અને રવિ સોની પાસે દોઢલાખ રૂપિયામાં ગીરવે મૂકી દીધી, હતી ત્યારબાદ જીશ સોલંકીએ તેમાં મદદગારી કરી હતી, અને આ મામલે ત્રણ સામે છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદ બાદ પોલીસે કેયુર નીતિનભાઈ સંઘવીની અટકાયત કરી લીધી છે, અને તેની વધુ પૂછપરછ હાથ ધરી છે. જે આરોપી સામે જામનગર અને રાજકોટમાં છ જેટલા ગુના નોંધાઈ ચૂક્યા છે, જ્યારે અન્ય બે આરોપીઓ રવિ સોની અને જિજ્ઞેશ સોલંકીને પોલીસ શોધી રહી છે.

# વાંકાનેરના દીઘલીયામાં ભત્રીજા સાથે થયેલ વિવાદમાં સમજાવવા ગયેલ કાકા પર છરીથી હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના દીઘલીયા ગામે ભત્રીજા સાથે થયેલા સામાન્ય વિવાદ મામલે સમજાવવા ગયેલા કાકા ઉપર શખ્સે છરી વડે હુમલો કરી ખંભા તથા છાતીના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. બનાવ બાદ ઈજાગ્રસ્તને પ્રથમ વાંકાનેર અને બાદમાં રાજકોટ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હાલ વાંકાનેર તાલુકા પોલીસે ભોગ બનનારની ફરિયાદને આધારે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



વાંકાનેર તાલુકાના દીઘલીયા ગામે મોટરસાયકલ અડવા જેવી સામાન્ય બાબતે થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં દીઘલીયા ગામના રહેવાસી રૂકમુદિનભાઈ હુસેનભાઈ શેરસીયા ઉવ.૩૯ના ભત્રીજા તોહીદ અને આરોપી તનવીર ગફારભાઈ ખલીફા રહે.દીઘલીયા વચ્ચે બોલાચાલી થયા બાદ રૂકમુદિનભાઈ આરોપી તનવીરને સમજાવવા ગયા હતા. આ દરમિયાન આરોપી તનવીરે ઉશ્કેરાઈ જઈ ગાળો આપી પોતાની પાસે રહેલી છરી વડે રૂકમુદિનભાઈના ખંભા અને છાતીના ભાગે હુમલો કર્યો હતો. ઘટનામાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે ઈજાગ્રસ્તને પ્રથમ વાંકાનેર સરકારી હોસ્પિટલ અને બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે પીડિતની ફરિયાદના આધારે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તથા જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ૨૮થી 30 માર્ચ દરમિયાન ફરી માવઠાની આગાહી, અગાઉ કરતાં તીવ્રતા ઓછી હશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટમાં ઉનાળાની શરૂઆતમાં જ ડબલ ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. એકતરફ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ હવામાન નિષ્ણાતોએ ફરી એકવાર માવઠાની આગાહી કરીને ખેડૂતોના જીવ અધ્ધર કરી દીધા છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, ગુજરાતના વાતાવરણમાં ફરી મોટો બદલાવ આવવાની શક્યતા છે. આગામી ૨૮, ૨૯ અને ૩૦ માર્ચ દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ભારે પવન અને ગાજવીજ સાથે માવઠું પડી શકે છે. જોકે, રાહતની વાત એ છે કે, અગાઉ આવેલા માવઠા કરતા આ વખતની તીવ્રતા ઓછી રહેવાની સંભાવના છે, પરંતુ થંડરસ્ટોર્મ એક્ટિવિટી પ્રબળ રહેશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અગાઉ ટ્રફ ગુજરાત સુધી લંબાશે કે કેમ તેને લઈને અસમંજસ હતી, પરંતુ હવે તે સ્પષ્ટ થઇ ગયું છે કે ટ્રફ ગુજરાત સુધી લંબાવાનો છે, તેનો ટ્રેક પણ નક્કી થઇ ગયો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૧૮થી ૨૦ માર્ચ દરમિયાન પડેલા કમોસમી વરસાદને કારણે કેરી, જીરું, વરિયાળી અને તમાકુ જેવા પાકોને ભારે નુકસાન થયું છે. છેલ્લા ત્રણ દિવસથી આકાશ ચોખ્ખું થતા ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો હતો, ત્યાં ફરી માવઠાના સમાચારથી જગતનો તાત ચિંતામાં મુકાયો છે.

બીજી તરફ, હવામાન વિભાગનું અનુમાન છે કે, આગામી ૨૪ કલાકમાં તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો નોંધાશે, પરંતુ ત્યારબાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતાં જ ફરી આકાશમાં વાદળોની ફોજ જમા થશે. આમ, માર્ચ મહિનો પૂર્ણ થતા પહેલાં સૌરાષ્ટ્રવાસીઓએ આકરી ગરમી અને કમોસમી વરસાદ એમ બંનેનો સામનો કરવા તૈયાર રહેવું પડશે. સોમવારે રાજકોટમાં મહત્તમ તાપમાન ૩૭.૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૨ ડિગ્રી નોંધાયું હતું.

# કાગદડી પાસે હિટ એન્ડ રન : બાઈક પર આંટો મારવા નીકળેલા પ્રૌઢનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર હડાળામાં રહેતા પ્રૌઢને કાગદડી પાસે અજાણ્યા કાર ચાલકે ઠોકરે લેતા ગંભીર ઈજા પહોંચવાથી મોત નિપજયું હતું.બનાવના પગલે પોલીસે અકસ્માત સર્જી ફરાર થયેલા ચાલકની શોધખોળ હાથ ધરી છે.

હડાળા ગામે રહેતા દાઉદભાઈ ઈસ્માઈલભાઈ સાંઘ ઉ.૫૩ નામના પ્રૌઢ રાત્રીના આઠેક વાગ્યા આસપાસ ઘરેથી બાઈક હંકારી નીકળ્યા હતા.ત્યારે હડાળા-કાગદડી વચ્ચેના રસ્તા પર અજાણ્યા કારના ચાલકે ઠોકરે લઈ નાશી છુટતા પ્રૌઢને ગંભીર ઈજા પહોંચવાથી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં તેનું ચાલુ સારવારમાં મોત નિપજતા કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરતા મૃતક પાંચ ભાઈ અને બે બહેનમાં મોટા હતા.સંતાનમાં ત્રણ પુત્ર છે. આંટો મારવા નીકળ્યા ત્યારે અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. હાલ પોલીસે અકસ્માત સર્જી ફરાર થયેલા કાર ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# વાંકાનેરમાં હિટ એન્ડ રનમાં અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલક યુવક ગંભીર રીતે ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના વઘાસીયા ટોલનાકા નજીક અજાણ્યા ફોરવ્હીલ વાહને બાઈકને પાછળથી ટક્કર મારતા યુવકને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. હાલ ઈજાગ્રસ્તના નાનાભાઈની ફરિયાદને આધારે વાંકાનેર સીટી પોલીસે આરોપી અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુણી નોંધી તપાસ શરૂ કરી છે.

વાંકાનેરના વઘાસીયા ટોલનાકા નજીક હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે, જેમાં વાંકાનેર અમરનાથ સોસાયટીમાં રહેતા નરેન્દ્રસિંહ અનિરુદ્ધસિંહ ઝાલા ઉવ.૩૪ ગત તા.૧૫/૦૩ના રોજ પોતાના મોટર સાયકલ રજી.નં. જીજે-૧૩-બીએફ-૦૭૫૭ લઈને નવા ઢુંવાથી વાંકાનેર પરત જઈ રહ્યા હતા તે દરમિયાન વઘાસીયા ટોલનાકા નજીક ઈંટો ના ભઠ્ઠા સામે અજાણ્યા વાહને પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં નરેન્દ્રસિંહ ઝાલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

અકસ્માત બાદ ઈજાગ્રસ્ત નરેન્દ્રસિંહને પ્રથમ વાંકાનેરમાં સારવાર બાદમાં રાજકોટ ખાતે વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતા, જ્યાં માથાના ભાગે ૧૫ જેટલા ટાકા આવ્યા હતા. હાલ ઈજાગ્રસ્ત નરેન્દ્રસિંહના નાનાભાઈ રાજદીપસિંહની ફરિયાદને આધારે વાંકાનેર સીટી પોલીસે આરોપી અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# જંગલેશ્વરના આરએમસી કવાર્ટર માંથી પોણા બે કિલો ગાંજા સાથે ઉપલેટાનો શખ્સ પકડાયો

### ભકિતનગર પોલીસને મળેલી બાતમીના આધારે એસીપી સહિતના અધિકારીઓએ રેડ કરી : રૂ.૮૭૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં માદક પદાર્થોનું વેચાણ કરતા શખ્સો વિરૂધ્ધ પોલીસ દ્વારા ખાસ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હોય જેના અનુસંધાને જંગલેશ્વરમાં આવેલા આરએમસી કવોર્ટરમાંથી ભકિતનગર પોલીસે ઉપલેટાના શખ્સને પોણા બે કિલો ગાંજા સાથે દબોચી લઇ રૂ.૮૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલની સુચનાથી એસીપી બી.વી.જાધવના માર્ગદર્શન હેઠળ ભકિતનગર પોલીસ મથકના પીઆઇ એમ.એન.સરવૈયા, પીએસઆઇ જે.જે.ગોહેલ, એએસઆઇ નિલેશભાઇ, હેડ કોન્સ. હરવિજયસિંહ, કોન્સ. પ્રકાશભાઇ મકવાણા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, ઉપલેટામાં સ્મશાન રોડ પર પંજાબી હોલની પાસે રહેતો મુસ્તકીમ શોકત બુખારી નામનો શખ્સ જંગલેશ્વરમાં આવેલ આરએમસી કવોર્ટરમાં ગાંજાનો જથ્થો વેચવા આવ્યો હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા આરએમસી કવોર્ટર બ્લોક નં.૯ પાસેથી મુસ્તકીમ બુખારીને દબોચી લઇ તેના કબ્જામાંથી ૧.૭૩૨ કિલો ગ્રામ ગાંજાનો જથ્થો કિંમત રૂ.૮૬૬૦૦નો જથ્થો મળી આવતા પોલીસે રોકડ સહિત કુલ રૂ.૮૭૨૭૦નો મુદ્દામાલ કબ્જે કરી ધરોણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# તબીબને બ્લેક મેઈલ કરનાર સુત્રધાર તબીબની ધરપકડ : રીમાન્ડ પર

### રૂ.૨૫ લાખની ખંડણી માંગનાર કથીત પત્રકારોની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પત્રકારત્વના ઓઠા હેઠળ તોડબાજી કરતી ગેંગ સામે સાયબર ક્રાઈમમાં ગુનો નોંધાયા બાદ મુખ્ય સૂત્રધાર ડો. કમલ નાંઢાની સાયબર ક્રાઈમની ટીમે ધરપકડ કરી છે. જ્યારે રૂ.૨૫ લાખની ખંડણી માંગનાર કથીત પત્રકારોને પકડવા પોલીસની શોધખોળ ચાલી રહી છે.



આ બનાવ અંગે ની વિગત મુજબ, નિર્મળા રોડ પર હોસ્પિટલ ધરાવતા તબીબને ત્યાં નોકરી કરતાં તબીબ ડો.કમલ નાંઢાએ વર્ષ ૨૦૨૩ માં તેના પૂર્વ આયોજીત કાવતરાના ભાગરૂપે ફરીયાદી તબીબના સાધુ વાસવાણી રોડ પર આવેલ કિલનિકને ટાર્ગેટ કર્યું અને ક્લિનિકમાં અને તમામ રૂમમાં સ્પાઈ કેમેરા ફિટ કરી દિધા. જે બાદ ફરીયાદી તબીબ તેની સ્ત્રી મિત્ર સાથે ત્યાં મળતા અને ત્યાં તેઓએ માણેલ અંગત પળો તે કેમેરામાં કેદ થઈ હતી. જેમના તમામ એકસેસ આરોપી ડો. કમલ પાસે હતાં. જે તમામ વિડીયો કટેજ આરોપીએ મેળવી લીધા હતાં. જે બાદ તે વિડીયોના આધારે ફરીયાદી તબીબને બદનામ કરવા કથીત પત્રકારોનો સંપર્ક કરી રાજકોટ અને અમદાવાદના બોગસ પત્રકારોએ તબીબને બ્લેકમેઈલ કરી ધમકી આપી હતી કે, 'તમારા વીડિયો અમારી પાસે છે, જો ૨૫ લાખ રૂપિયા નહીં આપો તો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી દઈશું અને તમારી પ્રતિષ્ઠા ધૂળમાં મેળવી દઈશું. શરૂઆતમાં બદનામીના ડરથી તબીબ ગભરાઈ ગયા હતા અને શરૂઆતના સમયમાં ભયભીત થઈ રૂ.૫૦ હજાર ખંડણી આપી પણ દિધી હતી.

જે બાદ ખંડણીખોરોની માંગ સતત વધતી જતી હોવાથી તેમણે હિંમત દાખવી પોલીસનો સંપર્ક કર્યો હતો. જેથી સાયબર કાઈમમાં ૧૨ શખ્સો સામે નામજોગ અને બે મોબાઈલ નંબર ધારક સામે ગુનો નોંધી મુખ્ય સૂત્રધાર ડો. કમલ ચમન નાંઢા (ઉ.વ.૩૨) ની ધરપકડ કરી તેની પાસે રહેલ વિડીયો પોલીસે કબ્જે કરી રિમાન્ડ મેળવવા તજવીજ આદરી હતી. જ્યારે કથીત પત્રકારોમાંસત્યની ગર્જના ન્યુઝનો હિરેન ભીખુ મકવાણા, અજયસિંહ દોલુભા ચુડાસમા, હાર્દિક નીતીન ડોડીયા, રાજકોટ હેડ લાઈન્સ વાળો જગદીશ તેરૈયા, ભારત ટાઈમ્સ વાળો જીગર સોઢા, ભારત ટાઈમ્સ વાળો ધનશ્યામ પટેલ, ભારત ટાઇમ્સ વાળો જતીન નથવાણી, જતીન નથવાણીની પત્ની સ્વાતી નથવાણી, ભારત હેડલાઈન્સ વાળો અમીત ઠક્કર, ઈ-૧ ન્યુઝ વાળો ભરત અને મો. નં. ૮૧૨૮૬૯૬૭૯૫ તેમજ મો. નં. ૭૯૮૪૮-૪૩૩૪૭ નો ધારક હજું પોલીસ પકડથી દૂર રહેતાં તેની શોધખોળ યથાવત રખાઈ છે.

# રાજકોટમાં મુસાફરોને રીક્ષામાં બેસાડી નાણા સેરવી લેનાર રીક્ષાગેંગ ઝડપાઈ

### આજીડેમ ચોકડી પાસે યુવકના ૧૯ હજાર ચોરી લીધાની ત્રિપુટીની કબુલાત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઉમિયા ચોક નજીક રહેતો યુવાનને ખિસ્સામાં બેસાડી ખિસ્સામાંથી રૂ. ૧૯ હજારની રોકડ સેરવી લઇ રિક્ષા ચાલક સહીત ચાર શખ્સો ફરાર થઇ ગયા હતા. જે ચોરીની ઘટનામાં આજીડેમ પોલીસની ટીમે ગુનો નોંધી રિક્ષાગેંગના ત્રણ સાગરીતોને દબોચી લીધા હતા.

આ બનાવ અંગે ની માહિતી મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઉમિયા ચોક નજીક સરસ્વતીનગર શેરી નં.૧૦ માં રહેતા અને શાકભાજીનો ધંધો કરતા ૨૧ વર્ષીય યુવાન વિશાલભાઈ સુરેશભાઈ સોલંકીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૯ ના સવારના ઘરેથી નાનાભાઈ વિકીને જુના માર્કેટીંગયાર્ડે શાક-બકાલુ લેવા મોકલેલ હતો. તેને રૂ. ૧૯ હજાર રોકડા આપેલ હતા. બાદ તે શાકભાજીનો વેપાર કરવા આસ્થા ચોકડીએ ગયેલ હતો.

બપોરના સાડા બાર વાગ્યાની આસપાસ વિકીનો ફોન આવેલ કે, હું ઘરેથી શાકભાજી લેવા નીકળતા બપોરના સમયે ગોંડલ ચોકડી ખાતે બ્રીજ પરથી એક રીક્ષામાં બેસી માર્કેટીંગ યાર્ડે જવા નીકળેલ હતો. આ રીક્ષામાં અન્ય ત્રણ અજાણ્યા પેસેન્જર બેસેલ હતા. તેમાથી એક પેસેન્જર વારંવાર રીક્ષામાંથી બહાર થુકવા માટે મોઢું બહાર કાઢતો હતો અને શરીરે સ્પર્શ કરતો હતો. જેથી રિક્ષા ચાલકને કહેલ કે, મને આગળ તમારી બાજુમાં લઈ લો પરંતુ રિક્ષાચાલકે મને ના પાડેલ હતી. ત્રણેય પેસેન્જર અને રિક્ષાચાલક અંદરોઅંદર જીણાં અવાજે વાત કરતા હતા.

યુવાને જણાવ્યું હતું કે, મારે માર્કેટીંગ યાર્ડ ખાતે જવાનું હતું પણ આજીડેમ ચોકડીના બ્રીજ પર ચાલકે મને રિક્ષામાંથી ઉતારી દીધેલ હતો. જેથી કહેલ કે, મારે માર્કેટીંગ યાર્ડે જવું છે, અહિંયા કેમ ઉતારી દીધો તો રિક્ષાચાલક કહેવા લાગેલ કે, આ રિક્ષા ત્યાં નથી જતી, તારું ભાડુ નથી જોઈતુ કહી રીક્ષાચાલક ત્રણ પેસેન્જરોને લઈ જતો રહેલ હતો. બાદ ખીસ્સામાં તપાસ કરતા રૂ.૧૯ હજાર મળી આવેલ ન હતા. જેથી રિક્ષામાં બેસેલ પેસેન્જરે વારંવાર થુંકવાના બહાને ખિસ્સામાંથી પૈસા કાઢી લીધાની જાણ થઇ હતી. નાના ભાઈએ કરેલી વાતને પગલે યુવાન આજીડેમ ચોકડીના બ્રિજના ખાતે દોડી ગયો હતો પણ અજાણ્યા રિક્ષાચાલકની ભાળ નહિ મળી આવતા અંતે આજીડેમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બનાવને પગલે આજીડેમ પોલિસની ટીમે ગુનો નોંધી યુવાનના ખિસ્સામાંથી રૂ. ૧૯ હજાર સેરવી લેનાર રિક્ષાગેંગના સાગરીતોની શોધખોળ આદરી હતી. દરમિયાન પોલિસને ટેકિન્કલ રિસોર્સ અને હ્યુમન ઈન્ટેલીજન્સના આધારે સફળતા મળી હતી. યુવાનનું ખિસ્સું હળવું કરી નાખનાર રિક્ષાના ચાલક સહીત ત્રણ શખ્સોને આજીડેમ પોલીસે દબોચી લઈ નાણાં રિકવર કરવા તજવીજ હાથ ધરી હતી.

# શહેરની પ્રતિષ્ઠિત સ્કૂલમાં શિક્ષિકા-વિદ્યાર્થી વચ્ચે પાંગરેલો પ્રેમ દુષ્કર્મમાં પરિણમ્યો

### સમય જતા પ્રેમ ગાઢ બન્યોઃ યુવકે શિક્ષિકાને લગ્નનું વચન આપી શરીરસંબંધ બાંધ્યો, દાગીના-રોકડ સહિત ૬.૩૪ લાખ પણ પડાવ્યા નો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની એક પ્રતિષ્ઠિત ગણાતી સ્કૂલમાં શિક્ષિકા તરીકેની નોકરી દરમિયાન વિદ્યાર્થી સાથે કેળવાયેલો પરિચય અને ત્યારબાદ આ પરિચય પ્રેમમાં પરિણમતાં વાત આગળ વધી ગઈ હતી અને અંતે દુષ્કર્મમાં પરિવર્તિત થતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં યુવક વિરુદ્ધ ગુનો દાખલ થયો હતો. આ અંગે વધુમાં જાણવા મળેલી વિગત પ્રમાણે ૨૦૧૨-૧૩ના વર્ષના ફરિયાદી શિક્ષિકા તરીકે સ્કૂલમાં ફરજ બજાવી રહ્યા હતા ત્યારે તેમના જ ક્લાસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સાથે ફેસબુક મારફતે પરિચય થયો હતો. આ પછી શિક્ષિકા અને વિદ્યાર્થીએ એકબીજાના નંબરની આપ-લે કરી વાતચીત શરૂ કરી હતી. વર્ષો સુધી વાતચીત થયા બાદ પ્રેમ પાંગર્યો હતો અને બન્ને એકબીજા અલગ-અલગ જગ્યાએ રૂબરૂ મળ્યા હતા. આ પછી ૨૦૨૪માં આરોપી ધ્રુવલ પંકજભાઈ દેસાઈએ ફરિયાદી શિક્ષિકાને લગ્નની લાલચ આપી વારંવાર શરીરસંબંધ બાંધ્યો હતો.

ત્યારબાદ ધ્રુવલ નિયમિત રીતે શિક્ષિકાના ઘેર અવર-જવર કરતો હોય તેની પાસેથી ૩૪ હજારની રોકડ ઓનલાઈન મેળવી હતી. આ ઉપરાંત ઘરમાં રહેલા લાખના ૬ ૧ ગી ન પણ પડાવી લીધા હતા. દ્વારા ફરિયાદી ધ્રુવલને લગ્નઅંગે વાત કરવામાં આવે ત્યારે અવનવા બહાના કાઢી રહ્યો હોય આખરે લગ્ન કરવાનો ઈનકાર જ કરતા ફરિયાદી છેતરાયા હોવાનું ભાન થયું હતું જેથી આરોપી ધ્રુવલ દેસાઈ સામે દુષ્કર્મ ગુજાર્યાની પોલીસ ફરિયાદ નોંધાવતાં ગુનો નોંધી આગળની કાર્યવાહી આદરવામાં આવી હતી.

# રૈયાધાર વિસ્તારમાં સગાઈ તોડયાનો ખાર રાખી માસી -ભાણેજ પર પૂર્વ મંગેતરનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રહેતી યુવતીએ યુનિ. પોલીસમાં જામનગરના પૂર્વે મંગેતર સામે મારકૂટ અંગેની ફરિયાદ નોંધવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ સાધુવાસવાણી રોડ પર રહેતા નેહાબેન વિજયભાઈ રાયઠ્ઠા ઉ.૨૫ નામની યુવતીએ યુનિ.પોલીસમાં જામનગરના દિવ્યેશ દીલીપભાઈ સવજીયાણી સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેની સગાઈ ગત ૨૨ ફેબ્રુઆરીના દિવ્યેશ સાથે થઈ હત. સગાઈ બાદ હરવા-ફરવા દરમ્યાન દિવ્યેશે જણાવ્યું હતું કે તેના પિતાને કેન્સર હોવાથી તે મજબૂરીમાં આ લગ્ન કરી રહ્યો છે. આ વાતની જાણ તેણીએ પોતાના પરિવારને કરતા વડીલોની સંમતિથી સગાઈ તોડવાનું નકકી કરવામાં આવ્યું હતું.સગાઈ તૂટતા બન્ને પક્ષોએ એકબીજાની વસ્તુઓ પરત કરવાનું નકકી કર્યુ હતું.

આ અંતર્ગત ગત.તા.૨૨ના તેણી તેના માસી શોભનાબેન સાથે રૈયાધાર વિસ્તારમાં આવેલા પામ યુનિવર્સમાં વસ્તુઓ પરત કરવા ગયા હતા.ત્યાં દિવ્યેશ અને તેનો પરિવાર હાજર હતો. વસ્તુઓની આપ-લે પૂર્ણ થતા જ દિવ્યેશે સગાઈ તોડવા અંગે તેણીને ગાળો ભાંડી હોય જેથી ગાળો બોલવાની ના પાડતા શખસે ઉશ્કેરાઈ જઈ તેણીને મારકૂટ કરવાનો પ્રયાસ કર્યો હતો.જેથી વચ્ચે પડેલા તેણીના માસીને પણ શખસે ઈજા પહોંચાડી હતી.તેના પરિવારને જાનથી મારી નાખવા ધમકી આપી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દુષ્કર્મ કેસમાં રાજકોટના પોલીસમેનની આગોતરા જામીન અરજી નામંજુર

### ભકિતનગરના પોલીસમેન સામે પ્ર.નગરમાં નોંધાયો હતો ગુનો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુવતીએ કરેલ દુષ્કર્મની ફરિયાદમાં આરોપી પોલીસ કોન્સ્ટેબલની આગોતરા જામીન અરજી નામંજૂર થઈ છે. ભક્તિનગર પોલીસ મચકમાં ફરજ બજાવતા અમિતસિંહ ચૌહાણ સામે પ્ર.નગર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદ નોંધાઈ ત્યારથી આરોપીઓ કોન્સ્ટેબલ નાસતો ફરે છે, હવે આગોતરા રદ થતા ધરપકડ થાય તેવી સંભાવના વધી ગઈ છે

કેસની વિગત મુજબ, ગત તા.૫-૩-૨૦૨૬ ના રોજ પ્ર.નગર વિસ્તારમાં રહેતી યુવતીએ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવેલ કે, રાજકોટમાં પોલીસ ''કોન્સ્ટેબલ તરીકે નોકરી કરતા અમિતસિંહ પ્રભાતસિંહ ચૌહાણ (રહે. રેલનગર, રાજકોટ)એ ફરિયાદી યુવતીને અપરણિત હોવાનું જણાવી તેણીની સાથે લગ્ન કરશે તેવું વચન અને વિશ્વાસ આપી અવારનવાર ફરિયાદી યુવતી સાથે દુષ્કર્મ આચરેલ હોવાની ફરિયાદ લખાવતા પોલીસે ગુન્હો નોંધી તે ગુનાની તપાસ શરૂ કરતા અમિતસિંહએ તેમની ધરપકડથી બચવા સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને આગોતરા જામીન અરજીનો વિરોય કરતા રજૂઆત કરેલ કે, આરોપી સામે સમાજ વિરોધી ગુનો નોંધાયેલો છે અને આરોપી પોતે પોલીસ કોન્સ્ટેબલ છે અને તે કાયદાના જાણકાર છે તેમને કાયદાનું રક્ષણ કરવાનું હોય, જો તે જ કાયદાનો ભંગ કરે તે યોગ્ય નથી. આવા દુષ્કર્મના ગુનામાં આગોતરા જામીન આપવા જોઈએ નહીં. તેથી તેમની આગોતરા જામીન અરજી રદ કરવા રજૂઆત કરેલ. તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ ટી. એસ બ્રહ્મભટ્ટએ આગોતરા જામીન અરજી રદ કરેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# મોડી રાત્રીના સગીરાનું ફિલ્મીઢબે કારમાં અપહરણ કરી શખ્સે કરી છેડછાડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં એક વિસ્તારમાં રહેતી સગીરાના ફોન નંબર મેળવી અવાર નવાર ફોન કરી હેરાન કર્યા બાદ મોડી રાત્રીના મેસેજ કરી બહાર બોલાવી ફિલ્મી ઢબે કારમાં બેસાડી અપહરણ કરી અવાવરૂ સ્થળે લઈ જઈ બિભત્સ છેડછાડ કર્યાની સગીરાની માતાએ ફરીયાદ કરતા એડીવીઝન પોલીસે પોકસો સહીતનો ગુનો નોધી આરોપીની ધરપકડ કરી આકરી પુછ્તાછ કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સગીરાની માતાએ જંગલેશ્વર પાસે ન્યુ સાગર સોસાયટીમાં રહેતો નવાજખાન શેરખાન ધોરી સામે ફરીયાદ કરી હતી. પોલીસની પુછ્તાછમાં વહેલી સવારે ઘર પાસે દેકારો થતા સગીરાની માતા જાગી હતી અને બહાર જતા મારી સગીર વયની પુત્રી બહાર હતી અને તેની બાજુમા જંગલેશ્વરમાં રહેતો નવાજખાન પઠાણ કાળા કલરની કાર સાથે ઉભો હતો. મારી પુત્રી સાથે જબ્બરજસ્તી કરતો હોય પાડોશના લોકોએ એકઠા થઈ ગયા હોય મહિલાના દિયર આવી જતા નવાજ કાર લઈને નાસી ગયો હતો. બનાવને પગલે તેની પુત્રી રડતી હોય તેને સમજાવી પુછ્તાછ કરી હતી જેમા તેની સગીર વયની પુત્રીએ જણાવ્યુ હતુ કે તેના મોબાઈલ નંબર મેળવી નવાજ અવાર નવાર ફોન કરી હેરાન કરતો હોય જેથી પુત્રીએ તેને ફોન કરવાની ના પાડી હતી. બાદમાં રવીવ-ારે મોડી રાત્રીના ૩ વાગ્યા આસપાસ ફોનમાં મેસેજ કરી ઘર બહાર બોલાવી હતી જેથી તે બહાર જતા તેને કારમાં બેસી જવાની વાત કરી હતી. સગીરાએ ના પાડતા તેને હાથ પકડી કાળા કાચવાળી કારમાં બેસાડી અવવારૂ સ્થળે લઈ જઈ જબરજસ્તી શરીરે હાથ ફેરવી બિભત્સ છેડછાડ કરી પરત ઘર પાસે ઉતારી નાસી ગયો હોવાનુ સગીર પુત્રીએ રટણ કર્યાનુ મહિલાએ જણાવતા પીઆઈ બોરીસાગર સહીતની ટીમે ગુનો નોધી કાર્યવાહી કરી છે.

# રાજકોટ મહાપાલિકામાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર મુદ્દે શહેર કોંગ્રેસ દ્વારા હલ્લાબોલ



તસવીર : ગૌરવ લશ્કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આજે ભાજપનાં શાસનમાં થયેલા ભ્રષ્ટાચાર મામલે અનોખો વિરોધ કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો ત્રિકોણબાગ ખાતે એકઠા થયા હતા. જ્યાં વિવિધ બેનર સાથે 'હાય રે ભાજપ૫ હાય હાય સહિતનાં સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો. બાદમાં પગપાળા જ રેલી યોજીને કોંગી આગેવાનો મનપા કચેરીએ પૂર્વ મેયરના ગેરકાયદે બાંધકામ સહિતના મુદ્દે રજુઆત કરવા પહોંચ્યા હતા.

કાર્યકરોને અંદર જવા દેવામાં નહીં આવતા ભારે હોબાળો મચાવ્યો હતો. જેથી કમિશનરની ચેમ્બર બહાર રામધૂન બોલાવી હતી. જોકે બાદમાં મુખ્ય આગેવાનોની સાથે કમિશનરે મુલાકાત કરતા મામલો થાળે પડ્યો હતો. આ તકે શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ ઝાલાએ કમિશનરને ચેલેન્જ આપતા કહ્યું હતું કે, જો સાચા સિંઘમ હો તો પૂર્વ મેયરના ગેરકાયદે બાંધકામને તોડી બતાવો.

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, હાલ મહાનગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનું વર્ષોથી જે શાસન ચાલી રહ્યું છે, ભ્રષ્ટાચારી શાસન છે, કુશાસન ચાલી રહ્યું છે. કારણ કે શહેરના પ્રથમ નાગરિક એવા પૂર્વ મેયરના પતિદેવે સરકારી જગ્યા ઉપર મોટી ઈમારત ખડકી દીધી હોય, આવા અનેક બનાવો આવ્યા છે. કોર્પોરેટરો પકડાણા છે, વગેરે પદાધિકારીઓ પકડાયા છે. ક્યાંકને ક્યાંક ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે, કુશાસન ચાલી રહ્યું છે.

# 'શહીદ દિવસ' નિમિત્તે ખીજડીયા પ્રાથમિક શાળા ખાતે મહારક્તદાન કેમ્પમાં ૧૦૯ યુનિટ રક્ત એકત્રિત કરી ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને અપાઈ ભાવાંજલિ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

૨૩ માર્ચ શહીદ દિવસ' નિમિત્તે દેશના અમર ક્રાંતિવીરો ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુના બલિદાનને યાદ કરી ખીજડીયા પ્રાથમિક શાળા ખાતે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગ્રામજનો, વાલીઓ અને શિક્ષકોએ બહોળી સંખ્યામાં ઉમટી પડી ૧૦૯ યુનિટ રક્ત એકત્રિત કરી શહીદોને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શાળાના આચાર્ય રામદેવસિંહ જાડેજા અને સરપંચ ગોપાલસિંહ રેવરના માર્ગદર્શન હેઠળ તેમજ સ્ટાફ મિત્રો રાજેશભાઈ, મયુરભાઈ અને સચિનભાઈના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં સ્ત્રી રક્તદાતાઓ અને પ્રથમ વખત રક્તદાન કરનાર વાલીઓનો ઉત્સાહ વિશેષ જોવા મળ્યો હતો. આ સેવાયજ્ઞમાં ભોજન દાતા તરીકે વિશાલભાઈ મિયાત્રા અને ગોપાલભાઈ મિયાત્રાએ સેવા આપી હતી, જ્યારે રક્તદાતાઓ માટે ગિફ્ટ દાતા તરીકે જીગ્નેશભાઈ ચોવટીયા, RK ગ્રુપના સર્વાનંદભાઈ સોનવાણી તેમજ પરિમલ પરડવા અને મેહુલ પરડવા દ્વારા સુંદર સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. સમગ્ર ખીજડીયા શાળા પરિવાર દ્વારા આયોજિત આ કાર્યક્રમે દેશભક્તિ અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપમાં યુવકનો ગળાફાંસો ખાઈ આપઘાત

### પરિવાર લગ્ન પ્રસંગે જુનાગઢ ગયો અને મયુરે ભરી લીધું પગલું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગરની ટાઉનશીપમાં ૨૭વર્ષીય મયુર ધામેચાએ ગળાફાંસો આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. ઘરના સભ્યો મરણ પ્રસંગે જુનાગઢ ગયા હતા. પાછળથી આ પગલુ ભર્યું હતું. આત્મહત્યાનું કારણે અકબંધ રહેતા પ્રધુમનનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



આ બનાવની વિગત મુજબ મયુર ચંદુભાઈ ધામેચા (ઉ.વ.૨૭, રહે. લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપ, રેલનગર રાજકોટ), રાત્રે૧૧ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતો ત્યારે ગળાફાંસો ખાઇ લેતા બેભાન હાલતમાં સીવીલ હોસ્પિટલમાં લાવતા મૃત જાહેર કરાયો હતો. પરિવારે જણાવ્યું કે, મયુર છુટક ઈલેકટીક કામ કરતો તેમના પત્નીનું નામ શિલ્પાબેન છે પોતે બે ભાઈ અને એક બહેન નાનો હતો તેને સંતાનમાં એક દીકરો છે. ગઇકાલે તેના માતા પિતા જુનાગઢ મરણ પ્રસંગે ગયા હતા. ઘરે પતિ પત્ની હતા. રાત્રે જમીને પત્ની ઘરનું વાસણ ધોવાનું વગેરે કામ કરતી હતી. ત્યારે રુમમાં જઇ પંખામાં ચુંદડી બાંધી મયુરે પગલું ભરી લીધું હતું. પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવ-ારમાં શોક છ્વાયો હતો.

# નવી મતદાર યાદીમાં રાજકોટમાં ૯.૮૫ લાખ મતદારો નોંધાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવી છે. પ્રસિદ્ધ થયેલી નવી યાદી મુજબ, રાજકોટ શહેરના ૧૮ વોર્ડમાં કુલ ૯,૮૫,૯૫૨ મતદારો નોંધાયા છે. જેમાં પુરુષ મતદારોનું વર્ચસ્વ જોવા મળ્યું છે. આંકડાકીય વિગતો મુજબ, વોર્ડ નંબર ૩ સૌથી વધુ ૭૩,૩૩૧ મતદારો ધરાવે છે, જ્યારે વોર્ડ નંબર ૫ માં સૌથી ઓછા એટલે કે ૪૦,૮૦૭ મતદારો નોંધાયા છે.




મતદારોની સંખ્યાની દ્રષ્ટિએ વોર્ડ નંબર ૧, ૩, ૧૧ અને ૧૮ માં મતદારોનો આંકડો ૬૦ હજારથી ઉપર જોવા મળ્યો છે સમગ્ર શહેરમાં ચૂંટણી પ્રક્રિયાને સરળ બનાવવા માટે કુલ ૧,૦૧૬ વિભાગો પાડવામાં આવ્યા છે. તંત્ર દ્વારા ૧૮ વર્ષ કે તેથી વધુ વયના તમામ નવા નોંધાયેલા મતદારોનો આ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સૌથી વધુસ્ત્રી મતદારોઃ વોર્ડ નં. ૧૧ માં (૪૩,૪૧૧) સૌથી વધુ પુરુષ મતદારોઃ વોર્ડ નં. ૧૧ માં (૪૬,૭૩૫)ત્રીજી જાતિના મતદારોઃ કુલ ૧૮ મતદારો છે, જેમાં સૌથી વધુ વોર્ડ નં. ૭ માં (૫ મતદારો) છે